===========================================================
**અસ્વીકરણ:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**DISCLAIMER:** The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgment shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.
===========================================================

# ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ

## આર/સ્પેશિયલ સિવિલ એપ્લીકેશન નં. ૧૦૫૧૫/૨૦૦૬

**મંજૂરી અને સહી માટેઃ**

**માનનીય ન્યાયમૂર્તિશ્રી એ. જે. શાસ્ત્રી**

===========================================================

| | | |
|---|---|---|
| ૧ | શું સ્થાનિક પેપર્સના પત્રકારોને ચુકાદો જોવાની મંજૂરી આપવામાં આવી શકે છે? | |
| ૨ | પત્રકારને રિફર કરવામાં આવશે કે નહીં? | |
| ૩ | શું માનનીય ન્યાયમુર્તિશ્રી ચુકાદાની વાજબી નકલ જોવા માંગે છે? | |
| ૪ | શું આ કેસમાં ભારતના બંધારણના અર્થઘટન અથવા તેના હેઠળ કરાયેલા કોઈપણ આદેશને લગતા કાયદાના નોંધપાત્ર પ્રશ્નનો સમાવેશ થાય છે? | |

===========================================================

પ્રહલાદભાઈ ગિરધરલાલ જોશી

વિરુદ્ધ

ગુજરાત રાજ્ય

==========================================================

ઉપસ્થિતિ:

અરજદાર (રો) નં. ૧ તરફે શ્રી ચીન્મય એમ. ગાંધી(૩૯૭૯)

અરજદાર (રો) નં. ૧ તરફે શ્રી એમ.બી. ગાંધી(૩૨૬)

સામાવાળા (ઓ) નં. ૧ તરફે શ્રી ભાર્ગવ પંડ્યા, એ.જી.પી., (૧)

સામાવાળા (ઓ) નં. ૨ તરફે શ્રી એચ.એસ. મુનશો (૪૯૫)

સામાવાળા (ઓ) નં. ૨ ને રૂલની બજવણી કરવામાં આવી (૬૪)

==========================================================

કોરમઃ **માનનીય ન્યાયમૂર્તિશ્રી એ. જે. શાસ્ત્રી**

**તારીખઃ ૨૮/૧૨/૨૦૧૮**

**મૌખિક ચુકાદો**

૧. ભારતના બંધારણના અનુચ્છેદ ૨૨૬ હેઠળ વર્તમાન અરજી નીચે મુજબની દાદ મેળવવાના હેતુથી દાખલ કરવામાં આવી છે:

"અ) નામદાર અદાલત આ અરજી દાખલ કરવા અને મંજૂર કરવા કૃપા કરે;

બ) નામદાર અદાલત મેન્ડેમસની રીટ (પરમાદેશ), અને/અથવા મેન્ડેમસના સ્વરૂપમાં અન્ય કોઈ યોગ્ય રીટ, આદેશ અથવા નિર્દેશ જારી કરવા કૃપા કરે અને એવું ઠરાવવા અને જાહેર કરવા કૃપા કરે કે એનેક્ષર–કે ખાતે રજૂ કરવામાં આવેલ તારીખ ૨૫.૦૪.૨૦૦૬ નો બરતરફીનો આદેશ ગેરકાયદેસર અને કુદરતી ન્યાયના સિદ્ધાંતોનું ઉલ્લંઘન કરનારો છે અને તેને રદબાતલ અને રદ કરવામાં આવે અને આ નામદાર અદાલત આગળ એવું ઠરાવવા અને જાહેર કરવા કૃપા કરે કે ફોજદારી મુકદ્દમામાં નિર્દોષ છુટકારો થયા પછી, કોઈપણ ખાતાકીય તપાસ યોજવાનો પ્રશ્ન ઊભો થતો નથી અને તે આધારે વર્તમાન અરજદારને તેમની ગેરકાયદેસર બરતરફીની તારીખ એટલે કે ૨૫.૪.૨૦૦૬ થી પગાર સાથે તાત્કાલિક સેવામાં પુનઃસ્થાપિત કરવાનો નિર્દેશ આપવામાં આવે.

ક) આ અરજી દાખલ કરવા, સુનાવણી અને/અથવા અંતિમ નિકાલ પડતર હોય તે દરમિયાન, આ નામદાર અદાલત તારીખ ૨૫.૦૪.૨૦૦૬ (એનેક્ષર–કે) ના આક્ષેપિત આદેશ પર મનાઈહુકમ ફરમાવવા કૃપા કરે અને અત્રેના સામાવાળાને નિર્દેશ આપવા કૃપા કરે કે તેઓ અરજદારને નિવૃત્ત થાય ત્યાં સુધી ફરજ પર રહેવા દે;

ડ) આ નામદાર અદાલતને જે યોગ્ય અને ન્યાયી લાગે તેવી અન્ય અને વધુ દાદ અરજદારની તરફેણમાં મંજૂર કરવામાં આવે;

ઈ) આ અરજીનો ખર્ચ અરજદારને ચૂકવવામાં આવે."

૨. અરજદારનો કેસ એવો છે કે અરજદાર છેક વર્ષ ૧૯૭૦ માં સામાવાળાની સેવામાં જુનિયર ક્લાર્ક તરીકે જોડાયા હતા અને વર્ષ ૧૯૮૩ માં, તેમને સિનિયર ક્લાર્કના પદ પર બઢતી આપવામાં આવી હતી. ૧૯૯૧ થી, અરજદારના કહેવા મુજબ, તેમનો સેવા રેકોર્ડ ડાઘ વિનાનો હતો, પરંતુ ત્યારબાદ, તારીખ ૨.૨.૧૯૯૧ ના આદેશ દ્વારા, અરજદારને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. અરજદારનો કેસ એવો છે કે અરજદાર બેંકમાં સ્ટાફ સભ્યોનો પગાર લેવા ગયા હતા અને તે સમયે, અરજદારનું પર્સ ચોરાઈ ગયું હતું જેમાં રૂ. ૩૪,૫૨૯/- હતા અને તે કારણસર, અરજદારને સેવામાંથી બરતરફ કરવામાં આવ્યા હતા. વધુમાં, અરજદારે ભારપૂર્વક જણાવ્યું છે કે બરતરફીના ઉક્ત આદેશ સામે, અરજદારે વિકાસ કમિશનર સમક્ષ અપીલ દાખલ કરી હતી અને વિકાસ કમિશનરે તારીખ ૨૮.૧૧.૧૯૯૬ ના રોજ બરતરફીના આદેશને રદ કરવાની કૃપા કરી હતી અને આદેશ પસાર કર્યો હતો કે જિલ્લા વિકાસ અધિકારી હપ્તો નક્કી કરશે અને રૂ. ૩૪,૫૨૯/- ની ઉક્ત રકમ અરજદાર પાસેથી વસૂલ કરવામાં આવશે અને તે મુજબ અરજદારને રૂ. ૫૦૦/- નો હપ્તો આપવામાં આવ્યો હતો જે તેમના પગારમાંથી કાપવાનો હતો. જો કે, સસ્પેન્શન ચાલુ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો અને ત્યાં સુધીમાં, અરજદારને રૂ. ૨,૪૪,૦૦૦/- ની ઉચાપત અંગેનો આક્ષેપ કરતી ચાર્જશીટ પણ બજાવવામાં આવી હતી અને તારીખ

૨૯.૮.૧૯૯૧ ની ચાર્જશીટ અરજદારને બજાવવામાં આવી હતી. ૫.૧૧.૧૯૯૧ ના રોજ, જિલ્લા વિકાસ અધિકારી દ્વારા ખાતાકીય તપાસ હાથ ધરવા માટે એક આદેશ પસાર કરવામાં આવ્યો હતો અને તે હેતુ માટે, વિકાસ કમિશનરની કચેરીના તપાસ અધિકારીની નિમણૂક કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો, જેમને, બદલામાં, અરજદાર સામે મુકવામાં આવેલા આરોપો વિશે તપાસ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. અરજદારના જણાવ્યા મુજબ, તપાસ અધિકારી દ્વારા તપાસ પૂર્ણ કરવામાં આવી છે. તે પહેલાં, અરજદારના જણાવ્યા મુજબ, તારીખ ૨૫.૯.૧૯૯૧ ના પત્રવ્યવહાર દ્વારા, તેમણે સત્તાધિકારીને જાણ કરી હતી કે અરજદાર સામે એ જ આરોપના સંબંધમાં ફોજદારી કેસો પડતર છે અને, તેથી, જો વિગતવાર જવાબ આપવામાં આવે, તો તે બચાવ જાહેર કરવા સમાન ગણાશે, જે અરજદાર ફોજદારી મુકદ્દમામાં લઈ શકે છે અને સત્તાધિકારીને ફોજદારી કેસો પૂરા ન થાય ત્યાં સુધી તપાસ હાથ ન ધરવા વિનંતી કરી હતી. જો કે, અરજદારના કહેવા મુજબ, ઉક્ત વિનંતી હોવા છતાં, તેના પર ધ્યાન આપવામાં આવ્યું ન હોવાથી અને તપાસની કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાથી, અરજદારે ખાતાકીય તપાસ સામે મનાઈહુકમ મેળવવા પાલનપુરની સિવિલ કોર્ટમાં સિવિલ દાવો નં. ૩૩૩૬/૧૯૯૧ દાખલ કર્યો હતો કારણ કે તે અરજદાર સામેના પડતર ફોજદારી મામલાઓ માટે પૂર્વગ્રહયુક્ત હતો. શરૂઆતમાં મનાઈહુકમ મંજૂર કરવામાં આવ્યો હતો પરંતુ ત્યારબાદ તે રદ કરવામાં આવ્યો હતો અને તેથી, ખાતાકીય કાર્યવાહી આગળ વધારવામાં આવી હતી અને પૂર્ણ કરવામાં આવી હતી. તપાસ અધિકારી દ્વારા ૧૩.૭.૧૯૯૨ ના રોજ રિપોર્ટ

સબમિટ કરવામાં આવ્યો હતો અને તેના આધારે, અરજદારને ૯.૮.૨૦૦૫ ના રોજ બીજી કારણદર્શક નોટિસ બજાવવામાં આવી હતી કે પંચાયત સેવા શિસ્ત અને અપીલ નિયમો, ૧૯૯૭ ની જોગવાઈઓ હેઠળ અરજદારને શા માટે દંડ ફટકારવો ન જોઈએ. અરજદાર દ્વારા ૪.૯.૨૦૦૫ ના રોજ ઉક્ત કારણદર્શક નોટિસનો જવાબ આપવામાં આવ્યો હતો જેમાં સ્પષ્ટપણે દર્શાવવામાં આવ્યું હતું કે માત્ર અરજદાર નિર્દોષ જ ન હતા પરંતુ ફોજદારી કેસોનો નિકાલ કરવામાં આવ્યો હતો જેમાં અરજદારને ગુણદોષના આધારે નિર્દોષ છોડી મૂકવામાં આવ્યા હતા અને તેથી, અરજદાર સામે ખાતાકીય તપાસ પૂર્ણ કરી શકાતી નથી. જો કે, કોઈપણ સાક્ષીની તપાસ કર્યા વિના અને કોઈપણ નક્કર પુરાવા રજૂ કર્યા વિના, નિર્દોષ છુટકારાના આદેશ પછી પણ, ખાતાએ આખરે ૨૫.૪.૨૦૦૬ ના રોજ બરતરફીનો આદેશ પસાર કર્યો છે જે ભારતના બંધારણના અનુચ્છેદ ૨૨૬ હેઠળની વર્તમાન અરજીનો વિષય છે.

૩. અરજદાર તરફથી ઉપસ્થિત વિદ્વાન વકીલ શ્રી એમ.બી. ગાંધીએ ભારપૂર્વક રજૂઆત કરી છે કે અરજદાર સામે ખાતાકીય રીતે હાથ ધરવામાં આવેલી સમગ્ર કવાયત કાયદાની પ્રસ્થાપિત સ્થિતિને ધ્યાનમાં રાખીને કાયદામાં માન્ય ન હતી કે એ જ આરોપો, એ જ સામગ્રીના આધારે, જ્યાં સુધી ફોજદારી મુકદ્દમો પડતર હોય ત્યાં સુધી, સામાન્ય રીતે ખાતાકીય કાર્યવાહી રોકી રાખવાની હોય છે અને આ એક એવો કેસ છે જેમાં સત્તાધિકારી સમક્ષ વિનંતી કરવામાં આવી હોવા છતાં, તે ધ્યાનમાં લેવામાં આવી નથી અને આગળ વધારવામાં આવી છે અને

તેથી, અરજદાર સામેની ખાતાકીય તપાસનો સંપૂર્ણ નિષ્કર્ષ કાયદાના સુસ્થાપિત સિદ્ધાંતની વિરુદ્ધ છે. વિદ્વાન વકીલ શ્રી ગાંધીએ વધુમાં રજૂઆત કરી છે કે ફોજદારી કેસોમાં એ જ સામગ્રીની તપાસ કર્યા પછી, અરજદાર સામે આરોપ ઘડવામાં આવ્યો હતો અને સક્ષમ ફોજદારી અદાલત દ્વારા અરજદારની સઘન તપાસ કરવામાં આવી હતી અને ૧૨ જેટલા સાક્ષીઓની તપાસ કર્યા પછી, ગુણદોષના આધારે નિર્દોષ છુટકારાનો આદેશ પસાર કરવામાં આવ્યો હતો અને તેથી, જ્યારે આવી સ્થિતિ હોય, ત્યારે સત્તાધિકારીને એ પણ દર્શાવવામાં આવ્યું હતું કે સત્તાધિકારી માટે બરતરફીનો આદેશ પસાર કરવા માટે અવકાશ ખુલ્લો ન હતો. સત્તાધિકારી હકીકતથી સારી રીતે વાકેફ હતા, તેમ છતાં, બદઈરાદાપૂર્વક, કાયદાની પ્રસ્થાપિત સ્થિતિની વિરુદ્ધ જઈને કાર્યવાહી આગળ ધપાવી હતી. આગળ એવી રજૂઆત કરવામાં આવી છે કે સત્તાધિકારી સમક્ષ બચાવમાં વિગતવાર સંજોગો અને ખુલાસો આપવામાં આવ્યો છે પરંતુ પડકાર હેઠળના આદેશ પરની માત્ર નજર જ દર્શાવે છે કે અંતિમ નિષ્કર્ષ પર પહોંચતી વખતે આવા કોઈ બચાવને ધ્યાનમાં લેવામાં આવ્યો નથી. આગળ એવી રજૂઆત કરવામાં આવી છે કે ફોજદારી મુકદ્દમો કે જેમાં અરજદારનો ગુણદોષના આધારે નિર્દોષ છુટકારો થયો હતો તે હાઈકોર્ટ સમક્ષ પ્રોસિક્યુશન દ્વારા લઈ જવામાં આવ્યો હતો અને હાઈકોર્ટ સમક્ષ રિવિઝન અરજીમાં પણ, ૨૭.૪.૨૦૦૬ ના રોજ હાઈકોર્ટ દ્વારા ગુણદોષના આધારે નિર્ણય લેવામાં આવ્યો હતો અને તેમ છતાં, બરતરફીનો આદેશ પસાર કરવામાં આવ્યો હતો. તેથી, અરજદાર સામે હાથ ધરવામાં આવેલી સમગ્ર કવાયત માત્ર કાયદાના સિદ્ધાંતની વિરુદ્ધ જ ન

હતી પરંતુ બદઈરાદાથી કરવામાં આવી હતી. આગળ એવી રજૂઆત કરવામાં આવી છે કે તપાસ દરમિયાન પણ, અરજદારને કોઈ યોગ્ય તક આપવામાં આવી ન હતી. મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરીને પહેલા આરોપ સાબિત કરવાની અને પછી બચાવ માટે રજૂ કરવાની ખાતાની જવાબદારી હતી. રેકોર્ડનો ભાગ છે તેવી કાર્યવાહીનું માત્ર વાંચન સ્પષ્ટપણે સૂચવે છે કે આવી કોઈ પ્રક્રિયા અપનાવવામાં આવી ન હતી અને માત્ર પ્રોડક્શન સાક્ષી પર આધાર રાખીને, અરજદાર સામેનો સમગ્ર કેસ પૂર્ણ કરવામાં આવ્યો હતો અને અરજદાર સામે કોઈ સ્વતંત્ર પુરાવા રજૂ કરવામાં આવ્યા ન હતા જે અંતિમ નિષ્કર્ષને સમર્થન આપી શકે અને તેથી, ઉપરોક્ત પરિસ્થિતિના ઉલ્લંઘન પર સમગ્ર ખાતાકીય તપાસ દૂષિત થઈ ગઈ હતી. આ ઉપરાંત, વિદ્વાન વકીલે વધુમાં રજૂઆત કરી છે કે એ જ વાઉચરો અને એ જ સામગ્રીની સક્ષમ ફોજદારી અદાલત દ્વારા પણ ચકાસણી કરવામાં આવી હતી અને વધુમાં સક્ષમ ફોજદારી અદાલતે ૧૨ જેટલા સાક્ષીઓની તપાસ કરી હતી અને ત્યારબાદ, ગુણદોષના આધારે નિર્દોષ છુટકારાનો આદેશ પસાર કર્યો હતો. આની સામે, અરજી ફગાવી દેવામાં પ્રક્રિયાના સામાન્ય નિયમનું પણ પાલન કરવામાં આવ્યું નથી. દંડની બીજી કારણદર્શક નોટિસના તબક્કા સુધી સમગ્ર તપાસ એકપક્ષીય રીતે હાથ ધરવામાં આવી છે અને અરજદારને કોઈ યોગ્ય તક આપવામાં આવી ન હતી જેનાથી તપાસની પ્રક્રિયા પણ દૂષિત થઈ છે અને તેથી, માત્ર આ જ કારણસર, દંડનો પરિણામલક્ષી આદેશ રદ કરવાને પાત્ર છે.

૪. વિદ્ધાન વકીલ દ્ધારા આગળ એવી રજૂઆત કરવામાં આવી છે કે ખાતા દ્ધારા અરજદાર સામે એકપક્ષીય તપાસ કરવામાં આવશે તે દર્શાવતો કોઈ પત્ર કે નોટિસ જારી કરવામાં આવી નથી અને અરજદારે ફોજદારી મુકદ્દમો પૂરો ન થાય ત્યાં સુધી આગળ ન વધવા માટે પત્ર આપ્યો હોવાથી, અરજદાર એવી છાપ હેઠળ હતા કે ખાતાએ તપાસ આગળ વધારી ન હોવી જોઈએ, પરંતુ, ત્યારબાદ આખરે, એકપક્ષીય કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે તેવી કોઈ જાણ કર્યા વિના, દંડના આત્યંતિક પગલાં માટે સીધી જ બીજી કારણદર્શક નોટિસ અરજદાર સામે જારી કરવામાં આવી છે. વિદ્ધાન વકીલે વધુમાં રજૂઆત કરી છે કે જો ફોજદારી મુકદ્દમાના સંદર્ભમાં પુરાવા રજૂ કરવાના ન હોય તો પણ પહેલા આરોપો પ્રસ્થાપિત કરવાની જવાબદારી ખાતાની છે, પરંતુ તેમ છતાં પણ, આરોપ સાબિત કરવાની જવાબદારીની તાત્કાલિક આવશ્યકતા ખાતા પર હોવી જોઈએ, જેનું પાલન કરવામાં આવ્યું નથી, જે રેકોર્ડ પરની સામગ્રી પરથી સરળતાથી જોઈ શકાય છે અને તેથી, સમગ્ર નિષ્કર્ષ કોઈ પુરાવા વિનાનો છે અને આવા વિકૃત તારણને દંડના આક્ષેપિત આદેશને રદ કરીને સુધારવાને પાત્ર છે.

૫. આગળ એવી રજૂઆત કરવામાં આવી છે કે સામગ્રી પર ઝીણવટપૂર્વક નજર કરવાથી જણાશે કે અરજદારે તેમના ઉપરી અધિકારીની સહીમાં ફેરફાર કર્યો હોવાનો અને પછી કથિત કૃત્ય આચર્યું હોવાનો કોઈ આરોપ ન હતો, જ્યારે પાના ૫૪ અને ૫૫ પર પ્રતિબિંબિત થતા તારણો સૂચવે છે કે જો અરજદારે સત્તાધિકારીની જેમ સહી કરી હોય અને ભંડોળની ઉચાપત કરવામાં આવી હોય,

તો જે નિષ્કર્ષ પર પહોંચવામાં આવ્યો છે તે અરજદાર સામે જે આરોપ મૂકવામાં આવ્યો છે તેનાથી તદ્દન વિપરીત છે. આના પરિણામે, સમગ્ર તપાસ સંપૂર્ણપણે કુદરતી ન્યાયના સિદ્ધાંતોના ઉલ્લંઘનમાં તેમજ ખાતાકીય તપાસની પ્રક્રિયાના પાલન વિરુદ્ધ હાથ ધરવામાં આવી હોવાથી, બરતરફીનો આદેશ કાયદાની દ્રષ્ટિએ ટકી શકે તેમ નથી.

૬. આ રજૂઆતને પહોંચી વળવા અને તેને સમર્થન આપવા, વિદ્વાન વકીલ શ્રી ગાંધીએ આ અદાલતનું ધ્યાન કારણદર્શક નોટિસની કેટલીક વિગતો તેમજ બરતરફીના આદેશ તરફ દોર્યું છે અને સંબંધિત અર્કનો સંદર્ભ આપીને એવી વિનંતી કરી છે કે આ એક એવો કેસ છે જેમાં અરજદારની સેવાઓનો અંત લાવવા માટે પૂર્વનિર્ધારિત રીતે સમગ્ર કવાયત હાથ ધરવામાં આવી છે અને તેથી, આ અદાલતે કાયદાની પ્રસ્થાપિત સ્થિતિની વિરુદ્ધ જઈને અસાધારણ હકૂમતનો ઉપયોગ કરવો જોઈએ.

૭. વિદ્વાન વકીલે આગળ એવી રજૂઆત કરી છે કે ચાર્જશીટ ખૂબ જ વિલંબિત તબક્કે સબમિટ કરવામાં આવી છે અને તેથી પણ, આ વિલંબને સંબંધિત સંજોગ તરીકે ધ્યાનમાં લેવો જોઈતો હતો પરંતુ તેમ કરવામાં નિષ્ફળ જતાં, અંતિમ આદેશ રેકોર્ડ પરની સામગ્રી પ્રત્યે સ્પષ્ટપણે દિમાગનો ઉપયોગ ન થયો હોવાનું અને વિકૃત હોવાનું દર્શાવે છે.

૮. ઉક્ત રજૂઆતને પહોંચી વળવા અને તેને મજબૂત કરવા માટે, વિદ્બાન વકીલ શ્રી ગાંધીએ કેસ પ્રસ્થાપિત કરવા માટે નીચેના નિર્ણયો પર આધાર રાખ્યો છે:

૧) ૧૯૬૧ જી.એલ.એચ.ઇ.એલ.એચ.સી. ૨૮૫૨૯

૨) એ.આઇ.આર. ૧૯૬૩ મદ્બાસ ૫૦૨

૩) ૧૯૬૩(૦) જી.એલ.એચ.ઇ.એલ.એચ.સી. ૨૮૮૭૩

૪) ૧૯૬૭ એસ.એલ.આર.(૧) ૨૨૮

૫) ૧૯૯૪(૦) જી.એલ.એચ.ઇ.એલ.એચ.સી. ૩૦૭૬૦

૬) એ.આઇ.આર. ૧૯૯૯ એસ.સી. ૬૭૭

૭) એ.આઇ.આર. ૧૯૯૯ એસ.સી. ૧૪૧૬

૮) ૨૦૦૩(૦) જી.એલ.એચ.ઇ.એલ.એચ.સી. ૨૦૦૮૪૪

૯) એ.આઇ.આર. ૨૦૦૬ એસ.સી. ૨૧૨૯

૯. આ નિર્ણયોનો સંદર્ભ આપીને, વિદ્બાન વકીલ શ્રી ગાંધીએ અદાલતને બરતરફીના આદેશને રદ કરવા અને અરજીમાં માંગ્યા મુજબની દાદ મંજૂર કરવા વિનંતી કરી છે.

૧૦. અન્ય કોઈ રજૂઆતો કરવામાં આવી નથી.

૧૧. વિદ્બાન વકીલ શ્રી ગાંધી દ્બારા લેવામાં આવેલા વલણને પહોંચી વળવા માટે, સામાવાળા માટેના વિદ્બાન વકીલ શ્રી એચ.એસ. મુનશો સાથે ઉપસ્થિત

વિદ્વાન વકીલ શ્રી ચૌહાણે અરજીનો સખત વિરોધ કર્યો છે અને દલીલ કરી છે કે અરજદાર સાથે કામ કરતી વખતે સત્તાધિકારી દ્વારા કુદરતી ન્યાયના સિદ્ધાંતોનું સંપૂર્ણ પાલન કરવામાં આવ્યું છે. શ્રી ચૌહાણે નોટિસ જારી ન કરવા અને એકપક્ષીય તપાસ હાથ ધરવા વિશેની રજૂઆતનો સખત વિરોધ કર્યો છે. તે હેતુ માટે, વિદ્વાન વકીલે અરજી સંકલનના ફકરા ૨.૧ અને ૨.૨ તરફ ધ્યાન દોર્યું છે અને રજૂઆત કરી છે કે માત્ર સ્ટેની વિનંતી જ મંજૂર કરવામાં આવી ન હતી જે અરજદારની જાણમાં હતી, પરંતુ વચગાળાની રાહત ખાલી કર્યા પછી પણ અરજદારને ૬ જેટલી તારીખો આપવામાં આવી હતી અને દરેક નોટિસ અરજદારને બજાવવામાં આવી હતી, તેમ છતાં, અરજદારે તપાસમાં ભાગ ન લેવાનું પસંદ કર્યું છે જેના કારણે આખરે સત્તાધિકારીને એકપક્ષીય રીતે તપાસ અને કાર્યવાહી પૂર્ણ કરવાની ફરજ પડી છે. એવી રજૂઆત કરવામાં આવી છે કે જો અરજદારના પક્ષે આવું વર્તન હોય, તો અરજદારના મોંએ કુદરતી ન્યાયના સિદ્ધાંતોના ઉલ્લંઘન અંગે દલીલ કરવી પાયાવિહોણી છે. એવી રજૂઆત કરવામાં આવી છે કે જ્યાં સુધી ફોજદારી મુકદ્દમાનો સંબંધ છે, ત્યાં સુધી વાજબી શંકાની પેલે પાર કેસ સાબિત કરવાની જવાબદારી પ્રોસિક્યુશનની છે, જ્યારે ખાતાકીય તપાસના કિસ્સામાં, સંભાવનાઓની પ્રબળતા તપાસવાની અને તેના પર પહોંચવાની હોય છે અને જો તે શક્ય હોય, તો દંડ ફટકારવો તે સત્તાધિકારી પર નિર્ભર રહેશે અને આ એક એવો કેસ છે જેમાં આવા ગંભીર આક્ષેપમાં, સંજોગોએ સત્તાધિકારીને એવું માનવા પ્રેરી છે કે સંભાવનાઓની પ્રબળતાના આધારે આરોપો સાબિત થયા છે અને તેથી, અરજદાર પર કાર્યવાહી કરવામાં આવી હતી.

તેથી, વિદ્વાન વકીલ તરફથી એવી રજૂઆત કરવી યોગ્ય નથી કે જેવી ફોજદારી અદાલત નિર્દોષ છુટકારાનો આદેશ પસાર કરે છે, ખાતું કંઈ કરી શકતું નથી. તેનાથી વિપરીત, ખાતું સ્વતંત્ર રીતે પણ તપાસ કરી શકે છે જે કાયદો હવે નિર્ણયોની શ્રેણી દ્વારા નિર્ધારિત કરવામાં આવ્યો છે. એવી રજૂઆત કરવામાં આવી છે કે આ એક એવો કેસ છે જેમાં રેકોર્ડ પર ઉપલબ્ધ સામગ્રીના આધારે, સત્તાધિકારી દ્વારા જાણવા મળ્યું છે કે અરજદાર સામે મૂકવામાં આવેલા આક્ષેપો સાબિત થયા છે અને સચોટ કારણો આપીને નિષ્કર્ષ પર પહોંચવામાં આવ્યું છે અને આવો નિષ્કર્ષ કુદરતી ન્યાયના સિદ્ધાંતોના પાલન પછી પહોંચવામાં આવ્યો છે અને તેથી, જેવી રીતે કુદરતી ન્યાયના સિદ્ધાંતોનું પાલન કરવામાં આવે છે, જ્યુડિશિયલ રિવ્યુનો વ્યાપ ઘણો મર્યાદિત બની જાય છે કારણ કે અદાલતે નિર્ણય પર અપીલીય સત્તાધિકારી તરીકે બેસવાનું હોતું નથી. જ્યાં સુધી કોઈ વિકૃતિ કે સ્પષ્ટ ગેરકાયદેસરતા ન હોય ત્યાં સુધી, હાઈકોર્ટ દંડના આદેશમાં દખલ કરી શકે છે. અન્યથા, કાયદો સ્પષ્ટ છે કે પોતાના કર્મચારી સાથે કેવી રીતે કામ લેવું તે આખરે સત્તાધિકારી પર નિર્ભર છે. વિદ્વાન વકીલ શ્રી ચૌહાણે વધુમાં રજૂઆત કરી છે કે અરજદાર દ્વારા આપવામાં આવેલા જવાબ પરથી સ્પષ્ટ છે કે અરજદાર કોઈ નિર્દોષ વ્યક્તિ નથી અને જ્યાં આરોપ ગંભીર નાણાકીય અનિયમિતતાઓનો હોય, ત્યાં સત્તાધિકારી દ્વારા પસાર કરી શકાય તેવો એકમાત્ર આદેશ પસાર કરવામાં આવ્યો હતો. તેથી, અરજદારને આદેશ પર હુમલો કરવાની મંજૂરી ન આપવી તે ન્યાયના હિતમાં ઇચ્છનીય છે. શ્રી ચૌહાણે તેમની રજૂઆતોને સમર્થન આપવા માટે નીચેના નિર્ણયો પર આધાર રાખ્યો છે:

૧) (૨૦૧૨)૧ એસ.સી.સી. ૪૪૨

૨) (૨૦૧૫)૧૬ એસ.સી.સી. ૪૧૫

૩) (૨૦૧૬)૯ એસ.સી.સી. ૪૯૧

૪) (૨૦૧૭)૯ એસ.સી.સી. ૪૦૪ અને

૫) (૨૦૧૪)૩ એસ.સી.સી. ૬૧૦.

૧૨. આ નિર્ણયોનો સંદર્ભ આપીને, શ્રી મુનશો વતી ઉપસ્થિત વિદ્વાન વકીલ શ્રી ચૌહાણે અરજદારની તરફેણમાં કોઈ પણ દાદ આપવાનો સખત વિરોધ કર્યો છે. આગળ કોઈ રજૂઆત કરવામાં આવી નથી.

૧૩. પક્ષકારો તરફથી ઉપસ્થિત વિદ્વાન વકીલોને સાંભળ્યા પછી અને રેકોર્ડ પર રજૂ કરાયેલી સામગ્રીઓમાંથી પસાર થયા પછી, અદાલતને જણાયું કે અરજદાર સામે મૂકવામાં આવેલા આરોપો પૂરતા ગંભીર છે, પરંતુ કેટલાક સંજોગો, જે રેકોર્ડ પર પ્રતિબિંબિત થાય છે, તેને અદાલત દ્વારા અવગણી શકાય તેમ નથી અને યોગ્ય નિષ્કર્ષ પર પહોંચતી વખતે તેની સાથે કામ પાર પાડવું પડશે.

૧૪. સૌ પ્રથમ, અરજદાર સામે મૂકવામાં આવેલા આરોપો, ૨૮.૮.૧૯૯૧ ની ચાર્જશીટમાં પ્રતિબિંબિત થાય છે જે આરોપો નાણાકીય અનિયમિતતાઓને લગતા છે અને સારમાં, આરોપ એવો હતો કે કેટલાક દસ્તાવેજોમાં ચેડા કરીને,

અરજદાર દ્વારા ઉચાપત કરવામાં આવી છે. હવે આ ગંભીર આરોપો મૂળ રૂપે ફોજદારી કેસનો વિષય હતા જે ખાતા દ્વારા ભારતીય દંડ સંહિતાની કલમ ૪૦૯, ૪૬૫, ૪૬૭, ૪૭૧, ૪૭૭એ અને ૧૧૪ હેઠળ સજાપાત્ર ગુનાઓ માટે દાખલ કરવામાં આવ્યો હતો અને સંબંધિત ફોજદારી અદાલતે આ ફોજદારી કેસનો નિકાલ કર્યો છે જે ક્રિમિનલ કેસ નં. ૭૧/૧૯૯૨ તરીકે નોંધવામાં આવ્યો હતો જેમાં ફરિયાદ પક્ષ અને કેટલાક ૧૫ દસ્તાવેજી પુરાવાઓ સહિત ૧૨ જેટલા સાક્ષીઓની તપાસ કરવામાં આવી હતી. આ ફોજદારી કેસ, સંપૂર્ણ મુકદ્દમા પછી, અરજદાર સહિત બે આરોપીઓ સામે નિર્દોષ છુટકારાના આદેશમાં પરિણમ્યો છે અને ચુકાદા અને આદેશ દ્વારા, પાલનપુરના વિદ્વાન ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ, ૨૮.૧૧.૨૦૦૩ ના રોજ સી.આર.પી.સી. ની કલમ ૨૪૮(૧) હેઠળ અધિકારક્ષેત્રનો ઉપયોગ કરીને વર્તમાન અરજદારને નિર્દોષ જાહેર કર્યા છે. આ નિષ્કર્ષ પર પહોંચતી વખતે, સમગ્ર પુરાવાઓ, મૌખિક તેમજ દસ્તાવેજી, ના વિગતવાર વિશ્લેષણ પર, વિદ્વાન ન્યાયાધીશે શોધી કાઢ્યું કે કોઈ ગુનો બનતો નથી. વધુમાં, એવું પણ જાણવા મળ્યું છે કે હસ્તાક્ષર નિષ્ણાતનો અહેવાલ પણ યોગ્ય રીતે મેળવવામાં આવ્યો નથી જેણે અરજદાર સામેના આરોપને સ્થાપિત કર્યો નથી અને તેથી, ઉપલબ્ધ પુરાવા, મૌખિક તેમજ દસ્તાવેજી, ના આધારે, અદાલતને જણાયું તે મુજબ કોઈ કેસ બનતો નથી. ફકરા નંબર ૬૫ માં, દસ્તાવેજોનું વિશ્લેષણ કર્યા પછી, સ્પષ્ટ તારણ આપવામાં આવ્યું છે કે ફરિયાદીના કેસનો મુખ્ય આધાર સ્થાપિત થતો નથી. સંબંધિત અવલોકનો નીચે મુજબ વંચાય છે:

"(૬૫) અંતિમ આદેશ પસાર કરતા પહેલા, જો કેસની ટૂંકમાં ચર્ચા કરવામાં આવે તો એવું જણાય છે કે ફરિયાદીએ પોતાની જુબાની અને ફરિયાદમાં જણાવ્યું છે કે મિલકત આરોપી નં. ૨ ને સોંપવામાં આવી છે. એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે આરોપી નં. ૨ એ દસ્તાવેજો સંબંધિત ગુનામાં માત્ર મદદ અને ઉત્તેજન આપ્યું છે. આરોપી નં. ૨ સામે એવો કોઈ આક્ષેપ કરવામાં આવ્યો નથી કે તેણે ચલણ, વાઉચર કે ઇમ્પ્રેસ્ટ રોકડ ખાતામાં કોઈ ફેરફાર કે ઉમેરો કર્યો છે. આમ, પ્રોસિક્યુશન વાજબી શંકાની પેલે પાર એ સાબિત કરવામાં સક્ષમ રહ્યું નથી કે આરોપી નં. ૨ એ દસ્તાવેજો સંબંધિત કોઈ ગુનો કર્યો છે. મિલકત આરોપી નં. ૧ ને સોંપવામાં આવી નથી. તેથી, ભારતીય દંડ સંહિતાની કલમ ૪૦૯ હેઠળ સજાપાત્ર કોઈ ગુનો તેની સામે બનતો નથી. તપાસ અધિકારી દ્વારા મોકલવામાં આવેલા આરોપી વ્યક્તિઓના હસ્તાક્ષર, સંખ્યાઓ, શબ્દો અને લખાણ વગેરે અપૂર્ણ છે. હસ્તાક્ષર નિષ્ણાત, જેમણે આરોપીઓના હસ્તાક્ષર, લખાણ, સંખ્યાઓ અને શબ્દો મેળવ્યા છે, તેણે તેની વિસ્તૃત નકલ બનાવી નથી અથવા હસ્તાક્ષર નિષ્ણાતના અભિપ્રાય માટે કોઈ કારણો દર્શાવ્યા નથી. આરોપી વ્યક્તિઓના હસ્તાક્ષરના નમૂનાઓ યોગ્ય રીતે મેળવવામાં આવ્યા નથી. તે વાજબી શંકાની પેલે પાર સાબિત થતું નથી કે આવા નમૂનાઓ આરોપી વ્યક્તિઓ પાસેથી મેળવવામાં આવ્યા છે અને આરોપી વ્યક્તિઓએ આવા નમૂનાઓ આપ્યા છે. આ મુદ્દા પરના

તમામ પંચોને પ્રતિકૂળ સાક્ષી (હોસ્ટાઇલ વીટનેસ) જાહેર કરવામાં આવ્યા છે. તમામ સાક્ષીઓ આરોપી વ્યક્તિઓના હસ્તાક્ષર, સંખ્યાઓ કે લખાણને ઓળખતા નથી કારણ કે આરોપી વ્યક્તિઓએ તેમની હાજરીમાં કોઈ હસ્તાક્ષર, સંખ્યાઓ, લખાણ કે શબ્દો મૂક્યા નથી અને તેઓએ આવું લખાણ, સંખ્યાઓ કે હસ્તાક્ષર જોયા નથી. હસ્તાક્ષર સાબિત કરવાની બે રીતો છે. પહેલો રસ્તો પ્રાથમિક પુરાવા છે, જે વધુ મહત્વ ધરાવે છે. જો કોઈ સાક્ષી હાજર થાય અને આરોપી વ્યક્તિઓના હસ્તાક્ષર ઓળખે, તો તેના પુરાવાનું મૂલ્ય વધુ છે અને આવા કોઈ સાક્ષીની તપાસ કરવામાં આવી નથી અથવા આ કેસમાં જે સાક્ષીઓની તપાસ કરવામાં આવી છે, તેઓ આરોપી વ્યક્તિઓના હસ્તાક્ષર ઓળખતા નથી. એવું બનતું નથી કે તપાસ અધિકારીએ આરોપી વ્યક્તિઓના હસ્તાક્ષરના નમૂના, વિવાદિત હસ્તાક્ષરના નમૂના, કબૂલ કરેલા હસ્તાક્ષરના નમૂના અને સાબિત થયેલા હસ્તાક્ષરના નમૂના એકત્ર કર્યા હોય અને તેના આધારે, હસ્તાક્ષર નિષ્ણાતે પોતાનો અભિપ્રાય આપ્યો હોય. એવું જણાતું નથી કે હસ્તાક્ષર નિષ્ણાતે તેના માટેના વિગતવાર કારણો સાથે તેનો અભિપ્રાય તપાસ અધિકારીને મોકલ્યો હોય. આ કેસમાં આવા કોઈ કારણો રજૂ કરવામાં આવ્યા નથી. તપાસના અંતિમ તબક્કે, જે ઓડિટર દ્વારા આ કૃત્ય પકડાયું હતું તેની તપાસ કરવામાં આવી નથી અથવા તેવા ઓડિટરનો વિગતવાર રિપોર્ટ આ કેસમાં રજૂ કરવામાં આવ્યો નથી. માત્ર મંતવ્યો રજૂ કરવામાં આવ્યા છે. તદુપરાંત, આ કેસમાં ચારેય ચલણ રજૂ

કરવામાં આવ્યા નથી. એ જ રીતે, ટ્રેઝરી પાસબુક, જેમાં રકમ દર્શાવવામાં આવી નથી, તે આ કેસમાં રજૂ કરવામાં આવી નથી. ટ્રેઝરી પાસબુકમાં આવી રકમ જમા કરવામાં આવી નથી તે સાબિત કરવા માટે, પ્રોસિક્યુશને ટ્રેઝરી બુક રજૂ કરી નથી. પ્રમાણિત દસ્તાવેજો કે ટ્રેઝરી કચેરીનું પ્રમાણપત્ર મેળવવામાં આવ્યું નથી. તેવી ટ્રેઝરી કચેરીના સક્ષમ અધિકારીની તપાસ કરવામાં આવી નથી. આ મુદ્દા પર સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના કેશિયર કે અન્ય કોઈની તપાસ કરવામાં આવી નથી. ચલણમાં દર્શાવેલ રકમ ટ્રેઝરી પાસબુકમાં દેખાતી નથી જેના કારણે હાલનો ગુનો પકડાયો હોવાનું કહેવાય છે. ટ્રેઝરી પાસબુક, જે આ ગુનાની અંતિમ કડી છે અથવા સાક્ષીના કોઈ મૌખિક કે લેખિત પુરાવા, રજૂ કરવામાં આવ્યા નથી. આમ, પ્રોસિક્યુશનનો પાયો સાબિત થતો નથી. તદુપરાંત, આ કેસમાં ટ્રેઝરી પાસબુક અને ઇમ્પ્રેસ્ટ કેશબુક રજૂ કરવામાં આવી નથી. આ કેસનો સમગ્ર રેકોર્ડ સૂચવે છે કે આવા દસ્તાવેજો પોલીસ સ્ટેશનમાંથી ગુમ થઈ ગયા છે અથવા આવા દસ્તાવેજો આગના કારણે નાશ પામ્યા છે અને પોલીસ આવા દસ્તાવેજો શોધી રહી છે, પરંતુ આવા દસ્તાવેજો આ કેસમાં રજૂ કરવામાં આવ્યા નથી. આમ, જ્યાં સુધી ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૯ નો સંબંધ છે અને વિશ્વાસ પર પૈસા સોંપવાના મુદ્દા પર, તે કોઈ પણ શંકાની પેલે પાર સાબિત થતું નથી કે દસ્તાવેજો પર હસ્તાક્ષર, સંખ્યાઓ, શબ્દો અને સહીઓ આરોપી વ્યક્તિઓની છે. આમ, નિષ્ણાતના અભિપ્રાય દ્વારા અને સમર્થન

આપનારા અને વિશ્વસનીય સાક્ષીઓના મૌખિક પુરાવા દ્વારા દસ્તાવેજો સાબિત કરવાની ઉપરોક્ત બંને પદ્ધતિઓ દ્વારા, એ સાબિત થતું નથી કે આવા શબ્દો, આંકડાઓ અને વિગતો આરોપી વ્યક્તિઓ દ્વારા લખવામાં આવ્યા છે. આમ, પ્રોસિક્યુશન આરોપી વ્યક્તિઓ સામે મૂકવામાં આવેલા આરોપોને શંકાની પેલે પાર સાબિત કરવામાં નિષ્ફળ જાય છે."

૧૫. હવે ૨૮.૧૧.૨૦૦૩ ના નિર્દોષ છુટકારાના આ ચુકાદા અને આદેશને પ્રોસિક્યુશન દ્વારા ક્રિમિનલ રિવિઝન એપ્લિકેશન નં. ૧૩૨/૨૦૦૪ દાખલ કરીને પડકારવામાં આવ્યો છે અને હાઈકોર્ટે, પ્રોસિક્યુશનના કેસની તપાસ કરતી વખતે, એવું નોંધ્યું છે કે પ્રોસિક્યુશન અરજદારની સંડોવણી નિર્ણાયક રીતે સાબિત કરી શક્યું નથી. સંબંધિત ફકરો નં. ૫ નીચે મુજબ વંચાય છે:

"૫. અરજીમાં કરવામાં આવેલા નિવેદનોને ધ્યાનમાં લેતા અને ૨૮–૧૧–૨૦૦૩ ના રોજ ક્રિમિનલ કેસ નં. ૭૧/૧૯૯૨ માં આપવામાં આવેલા ચુકાદાના વાંચન પરથી, એ સ્પષ્ટ થાય છે કે પ્રોસિક્યુશન સચોટ અને નિર્ણાયક પુરાવા રજૂ કરીને નિર્ણાયક રીતે કેસ સાબિત કરી શક્યું ન હોવાથી, આરોપીઓને વિદ્વાન મેજિસ્ટ્રેટ દ્વારા નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે. વિદ્વાન મેજિસ્ટ્રેટે ચુકાદામાં તે પાસાને વિસ્તૃત રીતે હાથ ધર્યો છે. સામાવાળા નં. ૩ ને મિલકત સોંપવામાં આવી હોવાનું નિર્ણાયક રીતે સ્થાપિત થયું નથી. સામાવાળા નં. ૩ એ માત્ર ગુનો

કરવામાં મદદ કરી છે પરંતુ સામાવાળા નં. ૩ સામે એવો કોઈ આક્ષેપ કરવામાં આવ્યો નથી કે તેણે ચલણ, વાઉચર અને હિસાબોમાં સુધારા કર્યા હતા. તેથી, સામાવાળા નં. ૩ એ દસ્તાવેજોના સંદર્ભમાં કોઈ ગુનો કર્યો નથી. સામાવાળા નં. ૨ ને મિલકત સોંપવામાં આવી ન હતી અને તેથી, તેણે આઇ.પી.સી. ની કલમ ૪૦૯ હેઠળ સજાપાત્ર ગુનો કર્યો નથી. હસ્તાક્ષર નિષ્ણાત દ્વારા આપવામાં આવેલો અભિપ્રાય પણ અદાલતના વિશ્વાસને પ્રેરિત કરતો નથી કે જેથી સામાવાળા નં. ૨ પર જવાબદારી થોપી શકાય અને પ્રોસિક્યુશન સચોટ અને નિર્ણાયક પુરાવા રજૂ કરીને સામાવાળા નં. ૨ અને ૩ ની સંડોવણી નિર્ણાયક રીતે સાબિત કરી શક્યું ન હોવાથી, વિદ્વાન મેજિસ્ટ્રેટે બંને સામાવાળાઓને નિર્દોષ જાહેર કર્યા છે. પ્રોસિક્યુશન વતી રજૂ કરવામાં આવેલા ભૌતિક દસ્તાવેજો પણ સામાવાળાઓની સંડોવણી નિર્ણાયક રીતે સ્થાપિત કરી શક્યા નથી. કેસના તથ્યો અને સંજોગોને ધ્યાનમાં રાખીને અને વિદ્વાન મેજિસ્ટ્રેટ દ્વારા આપવામાં આવેલા તર્કને વાંચ્યા પછી, આ અદાલતને વિદ્વાન મેજિસ્ટ્રેટ દ્વારા પસાર કરાયેલા નિર્દોષ છુટકારાના આદેશ સામે ફરિયાદી દ્વારા દાખલ કરાયેલ ક્રિમિનલ રિવિઝન અરજીમાં દખલ કરવી મુશ્કેલ લાગે છે. નામદાર સર્વોચ્ચ અદાલતે હાઈડુ વિ. સ્ટેટ ઓફ કેરળ, (૨૦૦૪) ૧૩ એસ.સી.સી. ૩૭૪ માં ઠરાવ્યા મુજબ, ખાનગી પક્ષ દ્વારા નિર્દોષ છુટકારા સામેની રિવિઝનમાં, રિવિઝનલ અદાલતોની સત્તાઓ ખૂબ જ મર્યાદિત છે. જો સબઓર્ડિનેટ કોર્ટ દ્વારા કોઈપણ પ્રક્રિયાગત

અનિયમિતતા અથવા ભૌતિક પુરાવાઓની અવગણના કરવામાં આવી હોય અથવા ખોટી રીતે વાંચવામાં આવ્યા હોય તો જ કોર્ટ દખલ કરી શકે છે. જો પુરાવાઓના મૂલ્યાંકન પર, બે મંતવ્યો શક્ય હોય, તો એપેલેટ કોર્ટ માટે પણ તેમાં દખલ કરવાની મંજૂરી નથી, ખાસ કરીને રિવિઝનમાં જ્યાં સત્તાઓ વધુ સંકુચિત છે. ઉપરોક્ત સિદ્ધાંતને ધ્યાનમાં રાખીને, આ અદાલતને ક્રિમિનલ પ્રોસિજર કોડ, ૧૯૭૩ ની કલમ ૩૯૭ સહવાંચન કલમ ૪૦૧ હેઠળ રિવિઝનલ અધિકારક્ષેત્રમાં વિદ્વાન મેજિસ્ટ્રેટ દ્વારા પસાર કરાયેલ આદેશમાં દખલ કરવી મુશ્કેલ લાગે છે."

૧૬. આમ, રેકોર્ડ પરના પુરાવાના વિવેચનાત્મક વિશ્લેષણ પર, બે તબક્કે, અરજદારનો અપરાધ સાબિત થયો ન હતો અને સમાન આરોપો અને સમાન દસ્તાવેજોના આધારે, ગુણદોષ પર નિર્દોષ છુટકારાનો આદેશ પસાર કરવામાં આવ્યો કારણ કે પ્રોસિક્યુશન અરજદાર સામે કેસ પ્રસ્થાપિત કરી શક્યું નથી.

૧૭. જ્યારે આવું હોય, ત્યારે ખાતાકીય કાર્યવાહીમાં પુરાવાના કડક સિદ્ધાંતો લાગુ પડતા નથી તેમાં કોઈ શંકા નથી, પરંતુ ત્યારબાદ, યોગ્ય સામગ્રી સાથે યોગ્ય તપાસ હાથ ધરવાની ખાતાની જવાબદારી છે અને સંભાવનાઓની પ્રબળતાના આધારે કેસ બન્યો છે તે સ્થાપિત કરવા માટે પણ, વાજબી પ્રક્રિયા હાથ ધરવામાં આવે તેવી અપેક્ષા હતી અને અરજદાર સામેનો આરોપ સાબિત કરવાની જવાબદારી સૌ પ્રથમ ખાતા પર રહેલી છે. હવે આના સંદર્ભમાં, જ્યારે

અરજદારને ફોજદારી કેસમાં ફસાવી શકાયો નથી, ત્યારે જો ફોજદારી મુકદ્દમા કરતાં અલગ નિષ્કર્ષ પર પહોંચવાનું હોય તો ખાતા દ્વારા સઘન ખાતાકીય તપાસ હાથ ધરવામાં આવે તેવી વધુ અપેક્ષા હતી.

૧૮. હવે આ સંદર્ભમાં, અગાઉ દર્શાવ્યા મુજબ, સામાવાળા સત્તાધિકારીએ ૨૯.૮.૧૯૯૧ ના રોજ ચાર્જશીટ બજાવી હતી, જેનો અરજદારે જવાબ સબમિટ કરીને સામનો કર્યો છે. ખાતાકીય તપાસ દરમિયાન જેના પર આધાર રાખવામાં આવ્યો છે તે દસ્તાવેજો છે, જે પાના ૩૭ પર પ્રતિબિંબિત થતી યાદીમાં સામેલ છે અને આ જ દસ્તાવેજો નિર્વિવાદપણે ફોજદારી કાર્યવાહીનો ભાગ પણ છે. ખુલાસો વાજબી ન હતો તેવું જાણ્યા પછી, ખાતાકીય તપાસ હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો અને તેથી, ૫.૧૧.૧૯૯૧ ના રોજ, તપાસ અધિકારી તરીકે અધિક વિકાસ કમિશનર, ગુજરાત રાજ્યની નિમણૂક કરવામાં આવી હતી, જે અરજી સંકલનના પાના ૩૯ પરથી પ્રતિબિંબિત થાય છે.

૧૯. જ્યારે આ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે, ત્યારે રેકોર્ડ પરથી એવું જણાય છે કે ૨૫.૯.૧૯૯૧ ના રોજ જ, તપાસ અધિકારીની નિમણૂક કરતા પહેલા જ, એવી વિનંતી કરવામાં આવી હતી કે ફોજદારી અદાલત સમાન આરોપ, ખાસ કરીને આરોપ નં. ૨ થી ૫ અંગેની ફરિયાદના મામલામાં કાર્યરત હોવાથી, ફોજદારી મુકદ્દમો પૂરો ન થાય ત્યાં સુધી કોઈ ખાતાકીય તપાસ શરૂ કરવામાં ન આવે. હવે આગળ એવું જણાય છે કે ૨.૫.૧૯૯૨ ના રોજ, ૫ જેટલા દસ્તાવેજો,

જે તપાસ કાર્યવાહીનો ભાગ હતા, તે ચકાસણી કર્યા પછી પરત કરવામાં આવ્યા હતા. તપાસ અધિકારીએ લેખિતમાં જણાવ્યું છે કે આ ૫ દસ્તાવેજો સિવાય, આગળ કંઈપણ રજૂ કરવાનું નથી કે તપાસ માટે કોઈ સાક્ષીઓ મૂકવાના નથી.

૨૦. રેકોર્ડ આગળ દર્શાવે છે કે ત્યારબાદ ૨૫.૮.૨૦૦૫ ના રોજ, તપાસ અધિકારી એટલે કે અધિક વિકાસ કમિશનરે અરજદાર મારફતે બજાવેલ અહેવાલની નકલ રજૂ કરી હોય તેવું જણાય છે અને સામગ્રીની તપાસના આધારે, એવું જાણવા મળ્યું છે કે આ જ અરજદારે ઉચ્ચ અધિકારી એટલે કે નાયબ કાર્યપાલક ઇજનેરની સહી કરી છે અને ચલણ વટાવીને ઉચાપતનું કૃત્ય આચર્યું છે અને તપાસના આધારે, સત્તાધિકારીએ સ્પષ્ટપણે અભિપ્રાય આપ્યો છે કે અરજદાર સામેના આરોપો સ્થાપિત થયા છે. કેવી રીતે અને કઈ રીતે ઉચાપત કરવામાં આવી હતી તેનો પણ તપાસ અહેવાલ દ્વારા પુનરોચ્ચાર કરવામાં આવ્યો હતો.

૨૧. વધુમાં, આવો અહેવાલ સુપરત કર્યા પછી, ૯.૮.૨૦૦૫ ના રોજ, ગુજરાત પંચાયત સેવા શિસ્ત અને અપીલ નિયમો, ૧૯૯૭ ના નિયમ ૬ હેઠળ સત્તાનો ઉપયોગ કરીને અરજદારની સેવાઓ શા માટે બરતરફ ન કરવી તે અંગે કારણદર્શક નોટિસ આપવામાં આવી હતી. આ નોટિસના જવાબમાં, ૪.૯.૨૦૦૫ ના રોજ, અરજદારે વિગતવાર જવાબ રજૂ કર્યો જેમાં સ્પષ્ટપણે દર્શાવવામાં આવ્યું કે ફોજદારી કેસમાં, અરજદારને નિર્દોષ છોડી મૂકવામાં આવ્યા

છે અને નિર્દોષ છુટકારાના આદેશની હાઈકોર્ટ દ્વારા તપાસ કરવામાં આવી હતી અને હાઈકોર્ટે પણ નિર્દોષ છુટકારાના આદેશને બહાલી આપી છે. અરજદારને યોગ્ય તક ન આપવા અંગે વધુ એક દલીલ કરવામાં આવી છે. અરજદારે રજૂઆત કરી છે કે ફોજદારી કેસ ચાલી રહ્યો હોવાથી, અરજદાર ખાતાકીય તપાસનો સામનો કરી શક્યા ન હતા અને એવી છાપ હેઠળ રહ્યા કે મુકદ્દમો પૂરો ન થાય ત્યાં સુધી ખાતાકીય કાર્યવાહી મુલતવી રાખવા તરફ ધ્યાન દોરવામાં આવ્યું હોવાથી, ખાતું આગળ ન વધે. જો કે, એવી દલીલ કરવામાં આવી છે કે સત્તાધિકારી અરજદાર સામે ખાતાકીય રીતે એકપક્ષીય રીતે આગળ વધ્યા છે જે કાર્યવાહી વાજબી ન હતી અને તેથી, સમય વીતવા સાથે ૧૩ વર્ષ પસાર થઈ ગયા હોવાથી સત્તાધિકારીને અરજદારને સેવામાં પાછા પુનઃસ્થાપિત કરવા વિનંતી કરી. નિર્દોષ છુટકારાના આદેશની તેમજ હાઈકોર્ટના આદેશની નકલ પણ સબમિટ કરવામાં આવી હતી અને એવું લાગે છે કે ૭.૧.૧૯૯૩ ના પત્રવ્યવહાર દ્વારા, અભિપ્રાય માંગવામાં આવ્યો હતો અને ત્યારબાદ ૧૦.૧૧.૧૯૯૩ ના રોજ, પંચાયત પસંદગી બોર્ડના સચિવે અરજદારની સેવાઓ બરતરફ કરવાની ભલામણ કરી છે અને પાના ૧૨૮ પર પ્રતિબિંબિત થતો આવો પત્રવ્યવહાર જિલ્લા વિકાસ અધિકારીને મોકલવામાં આવ્યો છે. એવું લાગે છે કે ત્યારબાદ ૨૫.૪.૨૦૦૬ ના રોજ, પાલનપુર ખાતે બનાસકાંઠાના જિલ્લા વિકાસ અધિકારીએ પાના ૧૨૯ પર પ્રતિબિંબિત થતો એક આદેશ પસાર કર્યો છે જેમાં ગુજરાત પંચાયત સેવા શિસ્ત અને અપીલ નિયમોના નિયમ ૬ નો આશરો લઈને અરજદારની સેવાઓ બરતરફ કરી છે અને સ્પષ્ટપણે અભિપ્રાય આપ્યો છે કે

અરજદાર રૂ. ૨,૪૪,૦૦૦/– ની ઉચાપત માટે દોષિત છે અને તેથી, સેવામાંથી બરતરફ કર્યા છે. હવે આ આદેશને ત્યારબાદ સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૮૬૫૨/૨૦૦૬ દ્વારા પડકારવામાં આવ્યો હોય તેવું લાગે છે અને અરજદાર સામે પસાર કરાયેલ શિક્ષાત્મક આદેશને પડકારવાના હેતુથી, ઉક્ત અરજી ૨૬.૪.૨૦૦૬ ના રોજ અદાલતમાંથી પાછી ખેંચી લેવામાં આવી હતી અને ત્યારબાદ, અદાલત સમક્ષ વર્તમાન અરજી સબમિટ કરવામાં આવી છે.

૨૨. હવે ઉપરોક્ત સંજોગોની પૃષ્ઠભૂમિમાં, અદાલત માટે ચિંતાજનક બાબત એ છે કે ૫ દસ્તાવેજો સિવાય, સત્તાધિકારીએ વધુ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવાનું કે કોઈ સાક્ષીની તપાસ કરવાનું પસંદ કર્યું નથી. બની શકે કે ખાતાકીય કાર્યવાહીમાં પુરાવાના તે ધોરણની જરૂર ન હોય જે સામાન્ય રીતે ફોજદારી આરોપ સાબિત કરવા માટે જરૂરી છે. પરંતુ અપરાધ વિશેની સંભાવનાઓ અંગે અભિપ્રાય ઉત્પન્ન કરવા અને તેની સાથે કામ કરવા માટે, આરોપો સાબિત કરવાની ખાતાની જવાબદારી છે અને તે હેતુ માટે, સાક્ષીઓની તપાસ કરવામાં અથવા તો અરજદારને પુરાવાનો સામનો કરવા અને ઉલટતપાસ માટે મૂકવાની યોગ્ય પ્રક્રિયા અનુસરવી પડશે. જ્યારે પરિસ્થિતિનો સામનો કરવામાં આવ્યો કે અન્ય સાક્ષીઓની તપાસ કરવામાં આવી છે કે નહીં, ત્યારે ખાતા/સત્તાધિકારી તરફથી ઉપસ્થિત વિદ્વાન વકીલ કોઈ પ્રકાશ પાડી શક્યા નથી જે દર્શાવે છે કે કોઈ સાક્ષીની તપાસ કરવામાં આવી નથી અને જે તારવવામાં આવ્યું છે તે તે ૫ દસ્તાવેજોના આધારે હતું જે ખાતાકીય તપાસનો વિષય બનાવવામાં આવ્યા

હતા. રેકોર્ડ સૂચવે છે કે અરજદાર સામે તપાસ તે રીતે હાથ ધરવામાં આવી નથી જે રીતે અપેક્ષિત હતું. વધુમાં, પાના ૨૦૧ પર પ્રતિબિંબિત થતા તપાસ રિપોર્ટ પરથી એવું પણ જણાય છે કે અરજદારે પડતર ફોજદારી કેસ કે આળસને કારણે ગમે તે માન્યતા હેઠળ હાજર ન થવાનું પસંદ કર્યું હોય, તેમ છતાં, દસ્તાવેજો અરજદાર દ્વારા તૈયાર કરવામાં આવ્યા છે તે હકીકત સાબિત કરવા માટે, કેટલાક સ્વતંત્ર સાક્ષીઓની તપાસ કરવી જોઈતી હતી. કયા આધારે નિષ્કર્ષ પર પહોંચવામાં આવ્યું અને આ ચલણો અરજદારે જ ભર્યા છે તે સાબિત કરવા માટે, જે વિવાદનો વિષય છે, કોઈ સ્વતંત્ર સાક્ષીની તપાસ કરવામાં આવી હોય તેવું જણાતું નથી. હવે આ ચલણ અરજદાર દ્વારા ભરવામાં આવ્યા છે તે સાબિત કરવા માટે, કસોટી એક અનુમાન હોય તેવું લાગે છે. હવે જે દસ્તાવેજો પર આધાર રાખવામાં આવ્યો છે તે ફોજદારી મુકદ્દમાનો પણ વિષય હતા જેમાં સંપૂર્ણ મુકદ્દમા પછી અને હસ્તાક્ષર નિષ્ણાતના અભિપ્રાયને ધ્યાનમાં લીધા પછી, સક્ષમ અદાલતને જણાયું કે અરજદાર કથિત કૃત્ય માટે દોષિત નથી. હવે એવું છે, તો એ દેખાતું નથી કે કયા આધારે અરજદાર સામે ગંભીર આરોપ પૂર્ણ કરવામાં આવ્યો હતો. વધુમાં, તે નિર્વિવાદ છે કે તપાસ દરમિયાન અન્ય કોઈ સ્વતંત્ર વ્યક્તિની સાક્ષી તરીકે તપાસ કરવામાં આવી ન હતી અને તેથી, અપરાધ વિશે જે નિષ્કર્ષ પર પહોંચવામાં આવ્યો છે તે અનુમાનના આધારે ખામીયુક્ત જણાય છે અને સંભાવનાઓના સિદ્ધાંતોનું પાલન પણ કરતું નથી. સંભાવનાઓની પ્રબળતાને પણ સમર્થન આપવા માટે પૂરતા કેટલાક સચોટ પુરાવાની જરૂર છે. સમગ્ર તપાસ દરમિયાન એવું જણાય છે કે તપાસ અધિકારી

સમક્ષ મૂકવામાં આવેલા આ પ દસ્તાવેજોની તપાસ એવી રીતે કરવામાં આવી છે જાણે તે સાચા હોવાનું સ્થાપિત થયું હોય અને અરજદાર દ્વારા તૈયાર કરવામાં આવ્યા હોય. તેથી, તપાસ હાથ ધરવાની રીત પણ તદ્દન અભૂતપૂર્વ હતી જે સ્પષ્ટપણે પ્રતિબિંબિત થાય છે. આ હકીકતને ધ્યાનમાં રાખીને આ વધુ છે કે અરજદાર દ્વારા એક ચોક્કસ બચાવ તૈયાર કરવામાં આવ્યો હતો કે તેણે આ કૃત્ય કર્યું નથી અને વધુમાં, આ બચાવને ટ્રાયલ કોર્ટ દ્વારા માનવામાં આવ્યો હતો જ્યાં પુરાવાની વિવેચનાત્મક તપાસ હાથ ધરવામાં આવી છે. તેથી, અદાલતના મતે, ખાતા પર તપાસ હાથ ધરવાની અને કેટલીક સારી વિગતો અને સચોટ સામગ્રી સાથે તે ચાલુ રાખવાની વધુ જવાબદારી હતી. સાબિત કરવાનો પ્રારંભિક બોજો ખાતા પર રહેલો છે જે અરજદાર સામે આક્ષેપ કરે છે અને એવું લાગે છે કે ખાતા દ્વારા એટલી સચોટતાથી તેને પૂર્ણ કરવામાં આવ્યો નથી કે જેથી એક અલગ નિષ્કર્ષ પર પહોંચી શકાય કે સંભાવનાઓની પ્રબળતાના આધારે પણ આરોપો સ્થાપિત થયા હતા. પસાર કરવામાં આવેલ આક્ષેપિત આદેશની સામે પંચાયત પસંદગી બોર્ડના અભિપ્રાયના આધારે પણ હતો અને ત્યારબાદ અંતિમ પરિણામલક્ષી નિર્ણય ૨૯.૫.૨૦૦૬ ના રોજ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા લેવામાં આવ્યો હતો. આ આદેશનું માત્ર વાંચન પણ સૂચવે છે કે શિસ્ત અધિકારી હોવાને કારણે, જ્યારે આવો ગંભીર દંડ લાદવાનો હોય ત્યારે સ્વતંત્ર રીતે દિમાગનો ઉપયોગ થવો જોઈતો હતો અને વધુમાં, આવા ગંભીર આરોપ માટે, ૨૫.૪.૨૦૦૬ ના આદેશ અને પરિણામે ૨૯.૫.૨૦૦૬ ના આદેશ પરથી જે જણાય છે તે એ છે કે કોઈ સ્વતંત્ર કારણ કે તપાસ અહેવાલનું કોઈ સ્વતંત્ર

વિશ્લેષણ હોતું જણાતું નથી પરંતુ તે ૧૮.૪.૨૦૦૬ ના ગુપ્ત પત્ર દ્વારા પંચાયત સેવા પસંદગી બોર્ડના માર્ગદર્શન હેઠળનો આદેશ હોય તેવું લાગે છે અને તેથી, અદાલતનો એવો અભિપ્રાય છે કે આવી સામગ્રીના આધારે, બરતરફીનો દંડ ન્યાયી અને યોગ્ય તેમજ પ્રમાણસર તરીકે સ્વીકારી શકાય તેમ નથી. અધિકારક્ષેત્રનો દરેક ઉપયોગ ભલે તે વહીવટી, અર્ધ-ન્યાયિક કે ન્યાયિક હોય તે સચોટ કારણો દ્વારા સમર્થિત હોવો જોઈએ કારણ કે કારણો એ નિર્ણય લેવાની પ્રક્રિયાના હૃદયના ધબકારા છે જે શ્રેણીબદ્ધ નિર્ણયો દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવ્યા છે અને કુદરતી ન્યાયના સિદ્ધાંતોનું પાલન કરતા ભાગ તરીકે ઓળખાય છે. આના પરિણામે, આ આક્ષેપિત આદેશ પણ ઉપરોક્ત સિદ્ધાંતને અનુરૂપ ન હોય તેવું જણાય છે.

૨૩. રેકોર્ડ પર પ્રવર્તતા ઉપરોક્ત દૃશ્યની પૃષ્ઠભૂમિમાં, હવે બંને પક્ષો દ્વારા ટાંકવામાં આવેલા સંબંધિત નિર્ણયો સાથે કામ પાર પાડવા માટે કેટલાક ધ્યાનની જરૂર છે કારણ કે તેમાં અરજદારના જીવન અને આર્થિક મૃત્યુનો પ્રશ્ન સંકળાયેલો છે.

૨૪. અરજદાર માટેના વિદ્વાન વકીલ શ્રી એમ.બી. ગાંધી દ્વારા જે નિર્ણય પર આધાર રાખવામાં આવ્યો છે તે અશોકકુમાર દુધાભાઈ ડાભી વિ. ધોળકા નગરપાલિકાના કેસમાં ૨૦૦૩(૦) જી.એલ.એચ.ઇ.એલ._એચ.સી. ૨૦૦૮૪૪ માં નોંધાયેલો છે અને આ નિર્ણયનો સંદર્ભ આપીને, વિદ્વાન વકીલ

શ્રી ગાંધીએ દલીલ કરી છે કે આ એક એવો કેસ છે જેમાં ખાતાએ કોઈ પુરાવા રજૂ કર્યા નથી કે કોઈ સાક્ષીની તપાસ કરી નથી અને ઉપરોક્ત કેસમાં પણ, અદાલત આવી જ પ્રકૃતિની પરિસ્થિતિનો સામનો કરી રહી હતી અને તે સંદર્ભમાં, ફકરા ૬ અને ૭ માં સમાવિષ્ટ અવલોકનો, સુસંગત હોવાથી, અહીં નીચે રજૂ કરવામાં આવ્યા છે:

> "૬. વિદ્વાન વકીલ શ્રી ગાંધી દ્વારા ઉઠાવવામાં આવેલી દલીલોના સંદર્ભમાં અને નિર્વિવાદ હકીકતોને ધ્યાનમાં લેતા, શું સ્પષ્ટ થાય છે કે અરજદારને ચાર્જશીટ બજાવ્યા પછી અને અરજદાર દ્વારા સત્તાધિકારીને જવાબ સબમિટ કર્યા પછી, વહીવટકર્તા દ્વારા તપાસ અધિકારીની નિમણૂક કરવામાં આવી હતી અને ત્યારબાદ, તેમણે ચાર્જશીટ અને સંબંધિત દસ્તાવેજો સાથેના જવાબને ધ્યાનમાં લીધા અને તપાસના તારણો આપ્યા. પરંતુ ખાતાકીય તપાસમાં, અરજદાર સામે જે પણ આક્ષેપ કરવામાં આવ્યા છે, તેના માટે, તપાસ અધિંકારી સમક્ષ સામાવાળા દ્વારા કોઈ સાક્ષીની તપાસ કરવામા આવી નથી. એવો સ્થાયી કાયદો છે કે જો કોઈ દસ્તાવેજ કે ફરિયાદ કે ચાર્જશીટ અથવા કોઈ ફરિયાદ દોષિત સામે સાબિત કરવાની જરૂર હોય, તો આવા કર્મચારી દોષિત સામેની ફરિયાદ / આક્ષેપ અને ચાર્જશીટ સાબિંત કરવા ખાતાકીય તપાસમા સાક્ષીઓની તપાસ થવી જોઈતી હતી પરંતુ કોઈ સાક્ષીની તપાસની ગેરહાજરીમાં, કર્મચારી સામે ચાર્જશીટ અને

અહેવાલ સાબિત કરી શકાતા નથી કારણ કે દોષિત કર્મચારી સામે કરવામાં આવેલા આક્ષેપ સામે આવા સાક્ષીની ઉલટતપાસ કરવા માટે દોષિત કર્મચારીને વાજબી તક આપવી જરૂરી છે. આ એક મૂળભૂત અને ન્યૂનતમ આવશ્યકતા છે, જે સામાવાળા દ્વારા પૂર્ણ કરવામાં આવી નથી અને નિર્વિવાદપણે, અરજદાર સામે ખાતાકીય તપાસમાં આરોપ સાબિત કરવા માટે ખાતાકીય તપાસમાં સામાવાળા નગરપાલિકા વતી કોઈની તપાસ કરવામાં આવી ન હતી અને તપાસની કાર્યવાહીમાં અરજદારની પણ તપાસ કરવામાં આવી ન હતી. તેથી, આ તબક્કે, નીચેના કેસોમાં તપાસનો અવકાશ અને સ્વરૂપ શું છે તે અંગે સર્વોચ્ચ અદાલત દ્વારા લેવામાં આવેલા વલણનો સંદર્ભ આપવો યોગ્ય છે.

મીંગલાસ ટી સ્ટેટ વિ. ધ વર્કમેનના કેસમાં, એ.આઇ.આર. ૧૯૬૩ એસ.સી. ૧૭૧૯ માં નોંધાયેલ છે, જેમાં નીચે મુજબ ઠરાવવામાં આવ્યું છે:

"તે એક પ્રાથમિક સિદ્ધાંત છે કે જે વ્યક્તિને આરોપનો જવાબ આપવા જરૂરી છે તેણે માત્ર આરોપ જ નહીં પરંતુ જે સાક્ષી જુબાની દ્વારા આરોપને સમર્થન આપવામાં આવે છે તે પણ જાણવું જોઈએ. તેને આરોપના સમર્થનમાં પુરાવા સાંભળવાની અને તે ઇચ્છે તો ઉલટતપાસ દ્વારા આવા સંબંધિત પ્રશ્નો પૂછવાની વાજબી તક આપવી જોઈએ. પછી તેને તેની

સામે રજૂ કરાયેલા પુરાવાને રદિયો આપવાની તક આપવી જોઈએ. આ પ્રકૃતિની તપાસની આ ન્યૂનતમ આવશ્યકતા છે આ આવશ્યકતા પૂરી થાય તે પહેલાં તપાસનું પરિણામ સ્વીકારી શકાય નહીં."

એસ.ઈ. અને સ્ટેમ્પિંગ વર્ક્સ લિમિટેડ વર્કમેન કેસમાં એ.આઇ.આર. ૧૯૬૩ એસ.સી. ૧૯૧૪ માં નોંધાયેલ છે, સર્વોચ્ચ અદાલતે નીચે મુજબ અવલોકન કર્યું છે:

"તપાસ યોગ્ય રીતે યોજવામાં આવી હોવાનું કહી શકાય નહીં જ્યાં સુધી,

[૧] જે કર્મચારી સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે તેને તેની સામે મૂકવામાં આવેલા આરોપોની સ્પષ્ટ જાણ કરવામાં ન આવે,

[૨] સાક્ષીઓની તપાસ સામાન્ય રીતે આરોપોના સંદર્ભમાં કર્મચારીની હાજરીમાં કરવામાં ન આવે,

[૩] કર્મચારીને સાક્ષીઓની ઉલટતપાસ કરવાની વાજબી તક આપવામાં ન આવે,

[૪] જો તે ઈચ્છે તો તેના બચાવમાં પોતાની જાત સહિત સાક્ષીઓની કોઈપણ સંબંધિત બાબત પર તપાસ કરવાની તેને વાજબી તક આપવામાં ન આવે, અને

[૫] તપાસ અધિકારી તેના અહેવાલમાં તેના તારણો સકારણ નોંધે

નહીં."

યુ.પી. વેરહાઉસિંગ કોર્પોરેશન. વી. વિજય નારાયણના કેસમાં એ.આઈ.આર. ૧૯૮૦ એસ.સી. ૮૪૦ માં નોંધાયેલ છે, અદાલતે પણ નીચે મુજબ ઠરાવ્યું છે:

"કેસના સંજોગોમાં કુદરતી ન્યાયના નિયમો, આવશ્યક કરે છે કે સામાવાળાને તેનો અપરાધ નકારવા, પોતાનો બચાવ કરવા અને પોતાની નિર્દોષતા સ્થાપિત કરવા માટે વાજબી તક આપવી જોઈએ જેનો અર્થ એ છે કે અને જેમાં અપીલકર્તા કોર્પોરેશન દ્વારા આધાર રાખવામાં આવેલા સાક્ષીઓની ઉલટતપાસ કરવાની તક અને આરોપના બચાવમાં પુરાવા રજૂ કરવાની તક તેમજ સૂચિત સજા માટે કારણદર્શક નોટિસનો સમાવેશ થાય છે."

